# શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય

## રાષ્ટ્રીય પ્રવક્તા એ.આઈ.સી.સી, પૂર્વ સાંસદ રાજ્યસભા,

http://www.shaktisinhgohil.com

**અખબારીયાદી** **તા. ૦૫-૦૮-૨૦૨૬**

તાજેતરમાં નામદાર સુપ્રીમકોર્ટે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC)ના અધિકારીના બદ ઈરાદા (માલાફાઈડ) એટલે કે, ભ્રષ્ટ, સત્તાના દુરપયોગ અને જેમાંથી ભ્રષ્ટાચારની ગંધ આવે તે પ્રકારના નિર્ણય કર્યા બાબતને હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખીને ફરી વખત સુપ્રીમકોર્ટે કહ્યું છે કે અધિકારીનો નિર્ણય માલાફાઈડ હતો. વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં કરોડો રૂપિયાના ૨૦ પ્લોટને ખેતીની જમીનની સાથે અદલા બદલ કરવાના નિર્ણયને અગાઉ નામદાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીની બનેલી ડિવિઝન બેચે રદ કર્તાની સાથે નિરીક્ષણ કર્યું હતું કે, GIDCના દ્વારા સામેવાળા સાથે મિલીભગત કરીને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલો છે, આ સાથે એક જાગૃત નાગરિકે કરેલી PILને ગ્રાહ્ય રાખીને ભ્રષ્ટાચારથી ભરેલા પ્લોટ ફાળવણીના હુકમને નામદાર હાઈકોર્ટે રદ કર્યો હતો અને ખુબજ ગંભીર ઓબ્ઝર્વેશન GIDCના અધિકારી સામે કરેલા હતા જેને નામદાર સુપ્રીમકોર્ટે ફરી વખત પોતાના જજમેન્ટમાં નોંધીને એ સાબિત કરી આપ્યું છે કે જીઆઈડીસીમાં કેવો ભ્રષ્ટાચાર ચાલે છે. આ અંગે ઇન્કમટેક્ષ, CBI, અને EDની તપાસ કેમ થતી નથી એ મોટો સવાલ છે?

નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમકોર્ટના કડક વલણ પછી પણ ગુજરાતના ભ્રષ્ટ અધિકારીઓએ ૨૦ પ્લોટની સામે ખેતીની નજીવી કિંમતની જમીન આપી દેનાર વ્યક્તિને વળતરની રકમ આપવામાં પણ ખોટા અને મોટા ગફ્લા કરેલા હતા. નામદાર સુપ્રીમકોર્ટે વળતર માટે ગુજરાત સરકારે જુના કાયદા મુજબ ૫.૮૫ કરોડો અને નવા કાયદા મુજબ ૨૪.૭૨ કરોડ અને વ્યાજ એમ મળીને વળતરના કરોડો રૂપિયા આપવાનો જે નિર્ણય કર્યો હતો તેને નામદાર સુપ્રીમકોર્ટે રદ કરીને માત્ર ૧ કરોડ ૧૭ લાખ જેવી નજીવી રકમ વળતર માટે આપવા પાત્ર થાય છે તેમ નિર્ણયમાં જણાવેલા છે.

આઝાદી પછી જનસેવા,જનકલ્યાણ અને સંતુલિત વિકાસ માટે જાહેર સાહસો બનાવવામાં આવ્યા હતા. જનસેવાની સાથે આર્થિક ઉપાર્જન પણ સરકારને થતું હતું. ભાજપ દ્વારા આ જાહેર સાહસો એ જનસેવાનું સાધન નહીં પરંતુ જથ્થાબંધ ભ્રષ્ટાચાર કરવા માટેનું એક મોટું પ્લેટફોર્મ બનાવી દેવામાં આવ્યું છે.

આપણા રાજ્યમાં નાના-નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળે,સ્થાનિકોને રોજી મળે તથા ઉદ્યોગોનો સંતુલિત વિકાસ થાય તે માટે જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતકાળની કોંગ્રેસની સરકારોમાં અનેક અવિકસિત વિસ્તારોમાં નાની મોટી જીઆઈડીસી પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બનાવવામાં આવી હતી. આવા પ્રકારની જીઆઈડીસીઓ બનવાના કારણે અનેક નાના ઉદ્યોગકારો તથા વિશ્વકર્મા સમાજના ભાઈઓને ઉદ્યોગ કરવા માટેની તકો મળી અને સ્થાનિકોને રોજી પણ મળી હતી. ભાજપ સરકારે આ જીઆઈડીસીનો લાભ આપવા કે સંતુલિત વિકાસ કે નાના માણસોને ફાયદા કરવાના બદલે હેતુફેર કરી કરીને માનીતાઓને મિલ્કતો પધરાવીને કરોડો રૂપિયા પેદા કરીને ભ્રષ્ટાચાર કર્યો છે તેનો એક ખૂબ મોટો કિસ્સો આજે બહાર આવ્યો છે.

ગુજરાત સરકારમાં ભય મુક્ત ભ્રષ્ટાચાર ચાલે છે તેનું આ સૌથી મોટું ઉદાહરણ છે. સારું થયું કે એક જાગૃત નાગરિક દ્વારા નામદાર હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી હતી અને નામદાર ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનેલી બેંચ દ્વારા ખુબ વિસ્તુત રીતે મેટરની છણાવટ બાદ GIDCના અધિકારીના ભ્રષ્ટ વલણને ઉજાગર કરીને કરોડો રૂપિયાની કિંમતના પ્લોટો નજીવી કિંમતની એગ્રીકલ્ચર લેન્ડ સામે ટ્રાંસફર કરવાનો નિર્ણય અને GIDCની નીતિની વિરુધ્ધનો નિર્ણય હતો તેને રદ કર્યો હતો. અધિકારી સામે સ્ટ્રીક્ચર પાસ કર્યા હતા. નામદર હાઈકોર્ટના આ પ્રસંશનીય ન્યાયી વલણ બાદ નામદાર સુપ્રીમકોર્ટે પણ નામદાર હાઈકોર્ટના નિરીક્ષણને અને GIDCમાં ચાલતા ભ્રષ્ટાચાર વિષે કરેલા સ્ટ્રીક્ચરને રીઈટ્રેટ કરીને (પુનઃ નોધીને) GIDCના ભ્રષ્ટાચારને ખુલ્લો કરેલ છે. આટલું બધું થયા હોવા છતાં પણ જયારે GIDC સાથે મિલાપણાથી ગેર વહીવટ કરનાર અરજદારને વળતરનો પ્રશ્ન આવ્યો ત્યારે સંપૂર્ણપણે ખોટી રીતે ગણતરી કરીને ૩૦ કરોડ કરતા વધારે રૂપિયાનું વળતર અને વ્યાજ આપવાનો પ્રયત્ન થયો. પરંતુ તાજેતરના નામદાર સુપ્રીમકોર્ટના જજમેન્ટએ આ કોશિશ નાકામયાબ કરીને સ્પષ્ટ કરી આપ્યું છે કે માત્ર ૧ કરોડ ૧૭ લાખ ૧૬ હાજર અને ૯૦ રૂપિયા જ મળવા પાત્ર થાય છે. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં કેવા પ્રકારનો ભ્રષ્ટ વહીવટ ચાલી રહ્યો છે.

આ સંજોગોમાં કોંગ્રેસ પક્ષની માંગણી છે કે, (૧) નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમકોર્ટે જયારે સ્પષ્ટ રીતે GIDCના અધિકારીઓના ભ્રષ્ટ વહીવટ (માલાફાઈડ) ઇનટેશન માટે સ્ટ્રીક્ચર પાસ કર્યા છે ત્યારે સરકાર આવા અધિકારીઓ સામે કેમ કાર્યવાહી કરતી નથી. (૨) GIDCના અંદર સતત ચાલતા ભ્રષ્ટાચાર અને માત્ર ને માત્ર ભ્રષ્ટાચાર માટે અને મોટા માનીતાને મદદ કરવા માટે GIDCને જે નીતિઓ વારંવાર જે બદલાતી રહી છે તેના માટે જ્યુડિશિયલ કમીશનની તપાસ સોપવામાં આવે તપાસનો રિપોર્ટ જાહેર જનતામાં ખુલ્લો મુકવામાં આવે. (૩) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પેક્ટ્રમ અલોટમેન્ટ કેસમાં સ્પષ્ટ આદેશ અપાયો છે કે સરકારોએ કોઈપણ જમીન કે મિલકત હરાજી વગર કોઈને પણ આપવી નહીં છતાં જીઆઈડીસીએ અરજીઓ વગર હરાજીએ શા માટે પ્લોટ આપ્યા? (૪) અને બેઠા દરે જમીનો ફાળવી દેવાનું ગુજરાતમાં હજી પણ ષડયંત્ર કેમ ચાલે છે? (૫) ઈડીને જીઆઈડીસીમાં મોકલવામાં આવે અને મની લોન્ડરિંગ અંગેનો કેસ દાખલ કરવામાં આવે. જીઆઈડીસીના નિયામક મંડળના સભ્યોની મિલકતની તપાસ ઈડી, ઈન્કમટેક્સ અને સીબીઆઈ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે અને આ તપાસને પારદર્શક રાખીને ગુજરાતના લોકોને હકીકતોથી વાકેફ કરવામાં આવે.

---

**પ્રતિ,**

**તંત્રીશ્રી,**

**સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.**

(સુનિલ રામી)
અંગત મદદનીશ